**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૧.૪ ડીગ્રી
લઘુતમ : ૧૫.૨ ડીગ્રી
ભેજ
સવારે ૭૭ ટકા ● સાંજે ૫૨ ટકા

# આજે ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન ખાતે 'સિંહઘર' ખુલ્લુ મુકાશે

ગાંધીનગર, તા.૨૬

રાજ્યની આન-બાન-શાન ગણી શકાય એવા દેશના ગુજરાતમાં જોવા મળતા એશિયાઈ સિંહને ગાંધીનગરના પ્રકૃતિ પ્રેમીઓ માણી શકે એ માટે ઈન્દ્રોડા પાર્ક ખાતે સિંહઘર તૈયાર કરાયું છે. આ સિંહઘરને આવતીકાલ તા.૨૭મી નવેમ્બરને મંગળવારના રોજ બપોરે ૧૨.૩૦ કલાકે વનમંત્રી ગણપતસિંહ વસાવા ખુલ્લુ મુકશે. આ વેળાએ રાજ્ય વનમંત્રી રમણભાઈ પાટકર ઉપસ્થિત રહેશે. વન્યપ્રાણીઓને લગતા સાહિત્યનું પણ યુવા પેઢીમાં આકર્ષણ હોય છે ત્યારે આવી વસ્તુઓના વેચાણ માટે સોવેનિયર શોપનું ઉદઘાટન કરાશે. આ પ્રસંગે વન વિભાગના અધિક મુખ્ય સચિવ રાજીવ ગુપ્તા સહિત ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહેશે.

ગીર ફાઉન્ડેશનના ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં રાજ્યની આન-બાન-શાન ગણી શકાય એવા એશિયાઈ સિંહ (નામ-સૂત્રા, વય-૧૦ વર્ષ) અને સિંહણ (નામ-ગ્રીવા, વય-૮વર્ષ)ની એક જોડ રાજ્યના વન વિભાગ દ્વારા ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં મુલાકાત લેનાર પ્રવાસીઓને મહત્તમ લાભ આપી શકાય તે હેતુસર ઉપલબ્ધ કરાવવામાં આવી છે. રાજ્યના પાટનગર એવા ગાંધીનગરમાં વધારાનું એક ઘરેણું ઉમેરાયું છે. રાજ્ય સરકારના વન અને પર્યાવરણ વિભાગ હેઠળ ગીર ફાઉન્ડેશન દ્વારા સંચાલિત આ પ્રાણી સંગ્રહાલયમાં સસ્તન, સરીસૃપ અને વિહંગ કુળના અલગ લગ કુલ ૩૯ પ્રકારના વન્યપ્રાણીઓ-પક્ષીઓ રાખવામાં આવ્યા છે.

**સિંહ દર્શનનો લાભ લેવા પ્રકૃતિ પ્રેમીઓ ઉત્સુક**



હાલમાં પ્રકૃતિ ઉદ્યાનમાં અંદાજે પ્રતિવર્ષ ૬ લાખ જેટલા મુલાકાતીઓ આવે છે. ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન, ગાંધીનગર છેલ્લા ઘણાં વર્ષોથી એક આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. ગીર ફાઉન્ડેશન દ્વારા છેલ્લા ઘણા વર્ષોથી વન્યપ્રાણીઓને લગતું સાહિત્ય જેવું કે, મેગેઝીનો, પુસ્તકો, સંશોધનપત્રો, નકશાઓ, વન્યપ્રાણીઓને લગતી ફીલ્મોની સી.ડી./ડી.વી.ડી. વગેરે પ્રકાશીત કરવામાં આવી રહી છે. તેમજ સાસણ ગીર ખાતે વેચાતી આ ચીજો (સોવેનિયર) જેમાં માહિતી પુસ્તિકાઓ, ટી-શર્ટ, જેકેટ, કેપ, કીચેઈન કે જેમાં વન્યપ્રાણીઓનો લોગો પણ છાપેલ હોય તેવી વસ્તુઓનું યુવા પેઢીમાં ખાસ આકર્ષણ હોય છે. તેવી વસ્તુઓના વેચાણ માટે ઈન્દ્રોડા પાર્ક ખાતે સોવેનિયર શોપમાં વ્યવસ્થા કરવામાં આવી છે. મુખ્યમંત્રીના અધ્યક્ષસ્થાને મળેલી સ્ટેટ વાઈલ્ડ લાઈફ બોર્ડની બેઠકમાં સિંહોના લાંબાગાળાના સંવર્ધન-સંરક્ષણ માટે રૂ.૩૫૧ કરોડના વિવિધ કામોની લાંબાગાળાની યોજનાને મંજુરી આપવામાં આવી છે. રાજ્યના જુદા જુદા વિસ્તારોમાં સિંહ દર્શન માટે સફારીપાર્ક બનાવવાનું પણ આયોજન છે. તેના ભાગરૂપે ગાંધીનગરની પ્રકૃતિપ્રેમી જનતાને પણ સિંહ દર્શનનો લાભ મળે તે માટે રાજ્ય સરકાર દ્વારા આ ઉમદા આયોજન કરાયુ છે.

## @ગાંધીનગર

● ગાંધીનગર જિલ્લા ભારત સ્કાઉટ ગાઈડ સંઘની કારોબારી ૧૧ કલાકે સહયોગ સંકુલ સે-૧૧ ખાતે મળશે.

● માહિતી અનો પ્રસારણ મંત્રાલય દ્વારા ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતિ ઉજવણીના ભાગરૂપે ગાંધીજીના જીવન અને કાર્યોનું મલ્ટી મીડીયા દ્વારા પ્રદર્શન મહાત્મા મંદિર, દાંડી કુટિર ખાતે બપોરે ૧૨.૩૦ કલાકે મુખ્યમંત્રીના હસ્તે ખુલ્લુ મુકાશે.

● સાબરમતી કાળીગામ ખાતે મુખીની ખડકીમાં પટેલ વાસમાં રાત્રે ૮.૩૦ કલાકે સુંદરકાંડના પાઠ યોજાશે.




દેવદિવાળીના રોજ ઘ-૨ ખાતે સોડાની લારી ચલાવતા વિરમગામવાળા મહેન્દ્રકાકાએ પાંચ હજાર સોડાનું વિના મૂલ્યે વિતરણ કર્યું હતું. મહેન્દ્રકાકા સોડાવાળા વર્ષમાં બે વાર નગરજનોને સોડા શરબત વિના મૂલ્યે પીવડાવી આનંદનો ઓડકાર લે છે. ત્યારે દેવ દિવાળીના દિવસે સાંજના સમયે સોડા પીવા માટ મોટી સંખ્યામાં નગરજનો ઉમટયા હતા. શહેરમાં વિરમગામવાળા મહેન્દ્રકાકા તેમની સોડા અને અવનવી સ્કીમના લીધે નગરમાં જાણીતા થયા છે.

## અડાલજ નર્મદા કેનાલમાંથી અજાણ્યા યુવકનો મૃતદેહ મળ્યો

અડાલજ નર્મદા કેનાલના પાણીમાંથી આજે સવારે એક અજાણ્યા યુવાનનો મૃતદેહ મળી આવ્યો છે. અડાલજ પોલીસના જણાવ્યા મુજબ જોગણી માતાના મંદિરથી ૧૦૦ મીટર દુર અડાલજ નર્મદા કેનાલ પાસે થી અંદાજીત ૩૦ થી ૩૫ વર્ષના યુવકનો મૃતદેહ મળી આવ્યો છે. મૃતક યુવાને શરીરે મરૂન કલરનો શર્ટ તેમજ સીલેટીયા કલરનું પેન્ટ અને વરીયાળી કલરની બનીયાન પહેરી છે. અડાલજ પોલીસ મથકના પીએસઆઈ આ અંગે વધુ તપાસ ચલાવી રહ્યા છે.

## સિવિલનું સીટીસ્કેન મશીન કયારે શરૂ થશે?

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં છેલ્લા અડધા દાયકાથી નગરના દર્દીઓને સીટીસ્કેનની સેવાનો લાભ મળ્યો નથી. સીટી સ્કેન મશીન બંધ રહેતા દર્દીઓ આ સેવાથી વંચિત રહેવા પામ્યા છે. ત્યારે નગરના દર્દીઓના આરોગ્યને ધ્યાને લઈને તંત્ર દ્વારા કરોડાના ખર્ચે નવું સીટી સ્કેન મશીન આપવામાં આવ્યું છે. આ મશીનને પણ મહિનાઓ વિતી ગયા અને ઈન્સ્ટોલ કરવા છતા મશીન શરુ થવામાં કયો ગ્રહ નડી રહ્યો છે તે કોઈ જાણતું નથી. રેડીએશન સહિત અન્ય બાબતો અંગે એઈઆરબીની મંજુરી મળી ગયા પછી જ સિવિલનું નવું સીટીસ્કેન મશીન કાર્યરત થશે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં પાંચ વર્ષથી સીટીસ્કેન મશીન બંધ હોવાના પગલે ગંભીર ઈજા પામેલા દર્દીઓને અમદાવાદ રીફર કરવામાં આવે છે. તો બીજીબાજુ વારંવાર રજુઆતના અંતે સિવિલમાં સીટી સ્કેન મશીન ત્રણ માસ અગાઉ જ આવ્યું છે.આ મશીન યોગ્ય સ્થાને ફીટ પણ કરી દેવાયું છે જે વાતને પણ એક માસનો સમય થયો છે. મશીન કાર્યરત કરતા રેડીયેશન અંગે ભાભા ઈન્સ્ટીટયુટ તરફથી ચેકીગ કરવામાં આવે છે. તે ઉપરાંત મુંબઈ સ્થિત એટોમીક એનર્જી રીસર્ચ બોર્ડની મંજુરી મળ્યા બાદ આ મશીન દર્દીઓ માટે શરુ કરવામાં આવશે. આ માટે બોર્ડને તમામ જરુરી ફોટોગ્રાફ અને કાગળો મોકલી આપવામાં આવ્યા છે. જેથી હાલ સિવિલ તંત્ર પણ મંજુરીની રાહ જોઈને બેઠું છે.




## સે-૧૫ સ્થિત ઔદ્યોગિક તાલીમ કેન્દ્ર ખાતે રાષ્ટ્રીય કાનૂન દિન ઉજવાયો

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા નેશનલ કાનૂન દિનની ઉજવણીના ભાગરૂપે સેકટર-૧૫ ઔદ્યોગિક તાલીમ કેન્દ્ર ખાતે એક કાનૂની શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ શિબિરમાં પી.એલ.વી. સુધીરભાઈ દેસાઈ અને ટીમ-એના સભ્યો મધુસુદનભાઈ જોષી અને મનસુખભાઈ કોટેચા દ્વારા ભારતીય બંધારણ વિશે પ્રાસંગિક પ્રવચન આપવામાં આવ્યું હતું. આ શિબિરમાં આઈ.ટી.આઈ. સંસ્થાના પદાધિકારી તથા ૧૮૫ તાલીમાર્થીઓ જોડાયા હતા.

## રાંધેજામાંથી ૯ જુગારીઓ ઝડપાયા



ગાંધીનગર, તા.૨૬

આજ રોજ પેથાપુર પોલીસ મથકના પીએસઆઈ એ.જી.એનુરકાર તેમની ટીમના સભ્યોને લઈ પેથાપુર પોલીસ મથક વિસ્તારમાં સઘન પેટ્રોલીંગ કરી રહ્યા હતા. ત્યારે ટીમના સભ્ય જયદીપસિંહ વિક્રમસિંહનો ખાનગી રાહે બાતમી મળી હતી કે રાંધેજા ગામમાં કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા છે. જેને અનુલક્ષી પોલીસે બાતમીવાળી જગ્યાએ જઈ રેઈડ કરતા નિલેશ આત્મારામ નાયી, નિલેશ કનુભાઈ પટેલ, અશોક બેચર પટેલ, લાલાજી વેરાજી દરબાર, અનિલ રમેશભાઈ પટેલ, ધવલસિંહ કનુસિંહ પરમાર, દશરથ રણછોડ ઠાકોર, સંજય રમણ વ્યાસ, બાલાજી પુંજાજી પઢાર (તમામ રહે. રાંધેજા)ને ઝડપી પાડ્યા હતા. જુગારીઓની અંગઝડતીમાંથી રૂ. ૮,૮૨૦ તેમજ દાવ પરથી મળેલા રોકડ રૂ. ૨,૪૩૦, મોબાઈલ નંગ-૫ કિ. રૂ. ૪,૦૦૦ મળી કુલ રૂ. ૧૫,૨૫૦ ના મુદ્દામાલ સાથે તમામને પકડી પાડી પેથાપુર પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## પાટનગરમાં જમીનના પ્રશ્નો માટે આદિવાસી ભાઈ બહેનોનો હલ્લાબોલ

ગાંધીનગર,તા.૨૬

ગુજરાત રાજયમાં જમીન સુધારણા નીતિ, જમીન ને લગતા કાયદાઓ, જંગલ અધિનિયમ ૨૦૦૬, વિસ્થાપન નીતિ અને જમીન સંપાદન કાયદાઓ, મહેસુલ કાયદાઓની યોગ્ય અમલવારી તથા રાજયમાં દલિત-આદીવાસી અને પછાત વર્ગના જમીન વિહોણા ગરીબોને સરકારી પડતર-ટોચ મર્યાદા અને સાથણી માટેની ખેતી લાયક જમીનો, આદિવાસી વિસ્તારમાં જંગલ જમીન, ઘરથાળની, સ્મશાનની, ફળ-ઝાડની, શરતભંગની અને કબ્જા હકની સહિત જમીન અંગેના પડતર પ્રશ્નોનો આજદીન સુધી નિકાલ આવ્યો નથી. સરકારમાં અનેકવાર લેખિત તેમજ મૌખિક રજુઆતો છતા આજદિન સુધી રાજયની પ્રજાનો ઉકેલ આવ્યો નથી. જેને પગલે જમીન અધિકાર ઝુંબેશના નેજા હેઠળ રાજયભરમાંથી ભાઈ બહેનો શહેરના સેકટર-૧૧ રામકથા મેદાન ખાતે મોટીસંખ્યામાં આવી પહોંચ્યા હતા.જમીન અધિકાર ઝુંબેશના સભ્યો દ્વારા રાજયપાલને આવેદન પત્ર પાઠવી જમીન અંગેના પડતર પ્રશ્નોનો સત્વરે નિકાલ લાવવા માટે આગ્રહભરી રજુઆત કરી હતી. જમીન અધિકાર ઝુંબેશના કાર્યકરોએ જણાવ્યું છે કે એક માસમાં સરકાર દ્વારા પડતર પ્રશ્નોનો ઉકેલ એક માસમાં નહીં લાવવામાં આવે તો રાજય સરકારના તમામ કાર્યક્રમોનો વિરોધ જોરશોરથી કરીશું.

જમીન અધિકાર ઝુંબેશ ગુજરાત એ રાજયસ્તરે દલિત આદિવાસી અને અન્ય પછાત વર્ગોના જમીન વિહોણા કુટુંબોને જમીનના અધિકાર અંગે જાગૃત કરતા નાગરીકોનો સમુહ છે. જમીન અધિકાર ઝુંબેશના માધ્યમથી વિવિધ વર્ગના જમીન વિહોણા પરિવારના ૯૦,૦૦૦ થી વધુ પરિવારોએ સરકારી પડતર અને ટોચ મર્યાદાની અરજી દાવાઓ સમગ્ર રાજયના ૩૩ જિલ્લામાં કરેલા છે. ઉપરાંત ૨૫ હજાર અરજી ગ્રામ્ય વિસ્તારમાં ઘરથાળના પ્લોટ માટેની તેમજ ૨૦૦૦ હજાર અરજી દલિત વસ્તી ધરાવતા ગામોમાં સ્માશાન ભુમી નીમ કરવા માટેની છે. જિલ્લા કક્ષાએ શ્રી સરકારની જમીનોને લઈ ૫૦૦૦ થી વધુ અપીલો કરાઈ છે. ત્યારે દલિત અને આદિવાસી સમુદાયના પડતર પ્રશ્નો અને તેઓએ કરેલા દાવા અરજીઓનો ઝડપથી નિકાલ આવે તે માટે અત્યાર સુધીમાં તાલુકા અને જિલ્લા કક્ષાએ વિવિધ કાર્યક્રમો આપ્યા છે. રાજયના ૭૨ તાલુકાઓમાં એક સાથે મામલતદારને આવેદન પત્ર આપવામાં આવ્યા હતા. જયારે જિલ્લા કક્ષાએ રેલી અને ધરણાના કાર્યક્રમો કરીને કલેકટરને આવેદન પત્રો આપવામાં આવ્યા છે. તેમ છતા આ સમુદાયના જમીનના પ્રશ્નોને લઈ સરકાર દ્વારા યોગ્ય કાર્યવાહી કરવામાં આવતી નથી. જેથી આજરોજ ગાંધીનગર રામકથા મેદાન ખાતે તા.૨૬ નવેમ્બરને બંધારણ દિવસે જમીન તો જોઈશે જ ના.. નારા સાથે જમીન અધિકાર ઝુંબેશના માધ્યમથી સમગ્ર ગુજરાતમાંથી હજ્જારોની સંખ્યામાં જમીન વિહોણા પરિવારના સભ્યો મોટીસંખ્યામાં આ સંમેલનમાં હાજરી આપવા માટે આવી પહોંચ્યા હતા અને રાજયપાલને આવેદન પત્ર પાઠવી યોગ્ય કરવા રજુઆત કરી હતી.જયારે એક માસમાં સરકાર દ્વારા યોગ્ય ઉકેલ નહીં આવે તો સરકારના તમામ કાર્યક્રમોનો વિરોધ કરીશુ તેવી ચિમકી પણ જમીન અધિકાર ઝુંબેશના સભ્યોએ ઉચ્ચારી છે.






## રૂદ્રભૂમિ અંતિમધામ સરગાસણમાં કોલ્ડબોક્ષની સુવિધા મળશે

ગાંધીનગર, તા.૨૬

શહેરી વિકાસ સત્તા મંડળ નિર્મિત રૂદ્રભૂમિ અંતિમધામ સરગાસણ ખાતે ૨૦૧૪થી કાર્યરત છે જેનું સંચાલન જુનિયર સિટિઝન કાઉન્સિલ દ્વારા થાય છે. જેમાં વધુ એક સેવાકીય પ્રવૃત્તિ રૂપે રૂદ્રભૂમિ અંતિમધામ સરગાસણ ખાતે કોલ્ડબોક્ષ (શબપેટી)ની સુવિધા પુરી પાડવામાં આવેલ છે. ઘણીવાર મૃતકોના સ્વજનોની કલાકો સુધી પ્રતિક્ષા કરવાની હોય છે. જેમની સેવા માટે જુનિયર સિટિઝન કાઉન્સિલ દ્વારા આ સુવિધા શરુ કરવામાં આવી છે.

## શ્રી પાંચ તાલુકા પ્રજાપતિ સમાજ દહેગામના સ્નેહમિલન સમારોહનું સંચાલન બહેનો કરશે

ગાંધીનગર, તા.૨૬

શ્રી પાંચ તાલુકા પ્રજાપતિ સમાજ દહેગામનો સ્નેહમિલન કાર્યક્રમ તા. ૨જી ડીસેમ્બરના રોજ સવારે ૯ કલાકે ઉત્કંઠેશ્વર મહાદેવના શ્રી મંગળદાસ સોમાભાઈ અને શ્રીમતી જીવીબેન મંગળદાસ પ્રજાપતિ વિશ્રાંતિ ભવન ખાતે યોજાશે. જેમાં નારીશકિત જાગરણ નિમિત્તે સમુહલગ્નના આજીવન દાતા બહેનોનું શિલ્ડ અને શાલથી સન્માન કરવામાં આવશે. આ વખતે બહેનોનું સન્માન કરવાનું હોવાથી કાર્યક્રમનું સંચાલન પણ બહેનો દ્વારા જ કરવામાં આવશે. આ પ્રસંગે સમાજના તેજસ્વી તારલાઓનું ચંદ્રક એનાયત કરી અભિવાદન કરવામાં આવશે તો સર્વે જ્ઞાતિબંધુઓને સમયસર પધારવા સમાજના પ્રમુખ નારણભાઈ એસ. પ્રજાપતિએ જણાવ્યું છે.

આ ઉપરાંત શ્રી પાંચ તાલુકા પ્રજાપતિ સમાજનો ૨૬મો સમુહલગ્નોત્સવ તા. ૧૦મી ફેબ્રુઆરી ૨૦૧૯ને રવિવારના રોજ યોગેશ્વર કોલ્ડ સ્ટોરેજ, રખિયાલ રોડ, દહેગામ ખાતે યોજવામાં આવનાર છે.

# ગુજરાતમાં તમને પ્રેમ જ મળશે : પ્રદિપસિંહ વાઘેલા

**કાશ્મિરી યુવાનોને ગાંધીનગરમાં હુંફાળો સત્કાર અપાયો : યુવાનોએ વિધાનસભા, દાંડી કુટિર, સ્વર્ણિમ પાર્ક અને મધુર ડેરીની મુલાકાત લીધી : અમારે પણ ગુજરાત જેવો વિકાસ જોઈએ છે : યુવાનો**

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગરમાં મહેમાન બનેલા કાશ્મિરના ૧૩૨ યુવાનોએ આજે ગુજરાત વિધાનસભા, દાંડિ કુટિર તથા સ્વર્ણિમ પાર્ક, મધુર ડેરી જેવા સ્થળોની મુલાકાત લીધી હતી. વિધાનસભાની મુલાકાત દરમિયાન અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદી સાથે યુવાનોએ વાતચીત કરી હતી. જેમાં યુવાનો કાશ્મિરમાં પણ ગુજરાત જેવો વિકાસ ઝંખી રહ્યા હોવાનું જણાવ્યું હતું. આ સાથે આજે સાંજે યુથ હોસ્ટેલ ખાતે કાશ્મિરી યુવાનોનો સત્કાર સમારંભ યોજાયો હતો. જેમાં નહેરુ યુવા કેન્દ્રના તાજેતરમાં નિમાયેલા રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પ્રદિપસિંહ વાઘેલા પણ ઉપસ્થિત રહ્યા હતા.

'વતન કો જાનો' કાર્યક્રમ હેઠળ કાશ્મિર યુથ એકસચેન્જના ભાગરૂપે ગાંધીનગર પધારેલા યુવાનોએ વિધાનસભાના અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદી સાથે વાતચીત કરતા ગુજરાતની જેમ ૨૪ કલાક વિજળી કાશ્મીરમાં કયારે મળશે તેવા સવાલ પણ કર્યા હતા. અધ્યક્ષે યુવાનોને જણાવ્યુ હતું કે ભારતના વડાપ્રધાન જે રીતે કાર્ય કરી રહ્યા છે તે પ્રમાણે બહુ જલ્દી કાશ્મિરનો પણ અન્ય રાજયોની જેમ વિકાસ થશે અને આ માટે તેમણે કાશ્મિરના યુવાનોને સકારાત્મક વિચાસરણીને ટેકો આપી દેશની એકતા માટે સંગઠિત રીતે કાર્યશીલ થવા હાકલ કરી હતી. બીજી તરફ સે-૧૬માં યોજાયેલા સત્કાર સમારંભમાં એનવાયકેના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પ્રદિપસિંહ વાઘેલાએ યુવાનોનું સ્વાગત કરતાં કહ્યું હતું કે, 'ગુજરાતમાંથી તમને હંમેશા પ્રેમ જ પ્રાપ્ત થશે.' આ કાર્યક્રમમાં પ્રદિપસિંહ વાઘેલા ઉપરાંત ગુજરાત કોસ્ટગાર્ડના આઈ.જી. રાકેશપાલ, સ્વર્ણિમ સ્પોર્ટસ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. જતીન સોની, નિવૃત્ત સચિવ આઈ.એ. વ્હોરા, ઉત્કર્ષ સંસ્થાના કુસુમબેન કૌલ, નહેરુ યુવા કેન્દ્રના રાજય નિર્દેશક અનિલ કૌશિક, ગાંધીનગરના કોર્પોરેટર હર્ષાબા ધાંધલ, યુવા અગ્રણી સંજીવ મેહતા સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમનું સંચાલન એનવાયકે રાષ્ટ્રીય એવોર્ડ વિજેતા ઋત્વી પટેલ તથા યુવા અગ્રણી કશ્યપ નિમાવતે કર્યુ હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન નહેરુ યુવા કેન્દ્રના ગાંધીનગર જિલ્લાના યુથ કો-ઓર્ડિનેટર રજનીકાંત સુથાર દ્વારા કરાયું હતું.






કાશ્મિરી યુવાનોએ આજે સવારે મધુર ડેરીની મુલાકાત લીધી હતી અને ડેરી ઉત્પાદનોના ઉત્પાદન કાર્યને નિહાળ્યુ હતું. આ ઉપરાંત યુવાનોએ દાંડી કુટિરની મુલાકાત લઈ ગાંધીજીના જીવન પ્રસંગોનું પ્રદર્શન જોઈ પ્રભાવિત થયા હતા. સ્વર્ણિમ પાર્કની મુલાકાતમાં કાશ્મરી યુવાનોએ સરદાર પટેલની તથા વિધાનસભાની મુલાકાતમાં યુવાનોએ મહાત્મા ગાંધીની પ્રતિમા પાસે સમુહ તસવીર ખેંચાવી હતી. યુવાનો નવનિર્મિત વિધાનસભા સંકુલ નિહાળી પ્રભાવિત થયા હતા.

## ચિરવિદાય

- સ્વ. મોદી રાજેશકુમાર જસવંતલાલ, ઉ.વ. ૫૧
- સ્વ. શાહ કોકીલાબેન બાબુલાલ, ઉ.વ. ૭૮